


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૭૭ | ૭ સપ્ટેમ્બર, ૨૦૧૬, બુધવાર ; ભાદરવા સુદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦







# ગિલાનીના પુત્રના બેન્ક ખાતામાં ઉંડી તપાસ

**બેંક ખાતામાં હિંસા ફેલાવવાના હેતુસર પૈસા આવ્યા હોવાની શંકા : હુર્રિયત લીડર સઇદ અલીશાહ ગિલાનીના પુત્ર નઇમ ગિલાની ઉપર સકંજો મજબૂત : બે ખાતા જમ્મુ એન્ડ કાશ્મીર બેંક શાખામાં છે**

નવી દિલ્હી,તા. ૬

કાશ્મીરમાં હાલમાં થયેલી હિંસાના મામલે હવે નેશનલ ઈન્વેસ્ટીગેશન એજન્સી અલગતાલવાદી લીડર સૈયદ અલી શાહ ગિલાનીના પુત્ર નઈમ ગિલાનીની ભૂમિકામાં તપાસ કરી રહી છે. એજન્સીએ તેમના એવા બે બેક ખાતાની તપાસ કરી છે જેમાં વર્ષ ૨૦૧૫થી લઈને હજુ સુધી મોટા પ્રમાણમાં પૈસાની લેવડદેવડ થઈ રહી છે. તપાસ સંસ્થા હવે તેમના પર સકંજો મજબુત કરી શકે છે. તપાસ સંસ્થા કહે છે કે બન્ને ખાતા જમ્મુ એન્ડ કાશ્મીર બેંક ખાતાની શાખા છે. એક ખાતુ કુપવાડામાં સ્થિત છે. જ્યારે અન્ય ખાતુ પુલવામાં છે. આ ખાતુ પુલવામા નજીક ત્રાલમાં સ્થિત છે. કુપવાડામાં જે ખાતુ સ્થાનિક ટ્રેડિંગ ફર્મના નામ પર છે. તપાસ સંસ્થાનુ ધ્યાન આની તરફ ગયુ છે. આનો હાલમાં જ કેશ ક્રેડિટ એકાઉન્ટમાં ફેરવી નાંખવામાં આવતા તેની પણ ચર્ચા રહી છે. જેથી આ ખાતાથી લોન લઈ શકાય છે. આ ખાતા મારફતે અસામાન્ય લેવડદેવડ થઈ છે. જેથી તેમનુ ધ્યાન આની તરફ ગયુ છે. તપાસ કરનાર અધિકારીઓને શંકા છે કે આ ખાતાના કનેક્શન કાશ્મીરમાં હાલમાં થયેલી હિંસા સાથે ચોક્કસપણે છે. અત્રે ઉલ્લેખનીય છે કે આઠમી જુલાઈના દિવસે હિજબુલના ત્રાસવાદી બુરહાન વાનીને ઠાર મારવામાં આવ્યા બાદ કાશ્મીરમાં વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. જેમાં ૭૧ લોકોના મોત થઈ ચુક્યા છે. સાથે સાથે ૧૧ હજારથી વધારે લોકો ઘાયલ થઈ ચુક્યા છે. બેંક પાસેથી હવે નવા દસ્તાવેજ મંગાવી લેવામાં આવ્યા છે. જેના આધાર પર વધુ તપાસ કરવામાં આવી શકે છે. ગયા સપ્તાહમાં જ તપાસ સંસ્થાએ નઈમને સમન્સ જારી કરીને શ્રીનગર સ્થિત ઓફિસમાં પુછપરછ માટે બોલાવી લેવામાં આવતા આની ચર્ચા રહી હતી. તપાસ અધિકારીઓનું કહેવું છે કે, પૈસા જમા કરવા અને ઉતારી લેવાના સંદર્ભમાં તારીખોના મામલામાં અભ્યાસનીપ્રક્રિયા ચાલી રહી છે. ખીણમાં હિંસા ફેલાવવા માટે આ નાણાનો ઉપયોગ કરવામાં આવ્યો છે કે કેમ તે મામલે તપાસ ચાલી રહી છે. તપાસ સંસ્થાઓ દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## કેજરીવાલથી તમામ અપેક્ષા ખતમ થઈ ચુકી છે : અણ્ણા

રાલેગાંવ,તા. ૬

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણ્ણા હજારે લોકપાલ બિલ આંદોલનમાં તેમની સાથે રહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ઉપર આજે આકરા પ્રહારો કર્યા હતા. અણ્ણા હજારેએ કેજરીવાલના પ્રધાનો એક પછી એક મામલામાં ફસાતા હવે ચિંતિત દેખાઈ રહ્યા છે.

## રાહુલની ખાટલા સભા બાદ ખાટલા લેવા માટે પડાપડી

**રાહુલના ભાષણ કરતા ખાટલા લૂંટની વધુ ચર્ચા : દેવરિયાની સભા ખતમ થતાંની સાથે રાહુલ ગાંધી જતા રહ્યા પછી સ્થાનિક લોકો દ્વારા જોરદાર લૂંટફાટ મચાવાઈ**



લખનૌ,તા. ૬

કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીની ખાટલા સભામાં લૂંટના કારણે આજે દિવસ દરમિયાન આની ચર્ચા જોવા મળી હતી. રાહુલ ગાંધીના ભાષણ બાદ ખાટલાની લૂંટની ચર્ચા વધારી રહી હતી. સભા બાદ ખુબ જ રોચક બાબતો જોવા મળી હતી. ત્યાં ઉપસ્થિત લોકો વચ્ચે ખાટ અથવા તો ખાટલાની લૂંટ માટે સ્પર્ધા જામી હતી. રાહુલની સભા માટે કાર્યક્રમ સ્થળ ઉપર મોટી સંખ્યામાં ખાટલાઓ મુકવામાં આવ્યા હતા. સભા ખતમ થવાની સાથે જ રાહુલ ગાંધી ત્યાંથી જતા રહ્યા હતા. રાહુલ ગાંધી જતા રહ્યા બાદ ત્યાં ગોઠવવામાં આવેલા ખાટલાઓને લઈને ભારે લૂંટ ચાલી હતી.

કોઈ પોતાના માથા ઉપર, કોઈ ખભા ઉપર ખાટલા લઈને ફરાર

● અનુસંધાન પાન-૭ પર

# યુપીમાં કોંગ્રેસ જીતશે તો ખેડૂતોનું દેવું માફ

**વિજળીના બિલ અડધા કરાશે : રાહુલનું ૨૫૦૦ કિલોમીટર લાંબી કિસાન યાત્રાની શરૂ કરતા વચન : વિધાનસભામાં વિજય મેળવવાના ઇરાદાથી તથા કોંગ્રેસમાં નવા પ્રાણ ફૂંકવા રાહુલની યાત્રા શરૂ : તેમની પાર્ટી કિસાનો, મજુરો અને ગરીબો માટે કટિબદ્ધ**



લખનૌ,તા. ૬

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી માટે પ્રચાર માટે રણશિંગૂ ફૂંકી દીધું હતું. ચૂંટણી પ્રચાર માટે રણશિંગૂ ફૂંકતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારો કર્યા હતા. દેવરિયાથી દિલ્હી સુધીની કિસાન યાત્રા મારફતે ચૂંટણી પ્રચારની શરૂઆત કરતા રાહુલે મોદી ઉપર પ્રહારો કરતા કહ્યું હતું કે, મોદી સરકાર ખેડૂતોનું દેવું માફ કરી રહી નથી જયારે ઉદ્યોગપતિઓના દેવા માફ કરવામાં આવી રહ્યા છે. ખેડૂતોની અવગણના થઈ રહી છે જ્યારે ઉદ્યોગપતિઓને મહત્વ મળી રહ્યું છે. મોદીને ખેડૂતોની પીડાથી વાકેફ કરવાના હેતુસર તેઓ આ યાત્રા કરી રહ્યા છે. રાહુલે વિવિધ મુદ્દા ઉપર વાત કરી હતી. રાહુલની સભા કરતા આજે તેમના ભાષણ બાદ ખાટની લૂંટને લઈને વધારે ચર્ચા રહી હતી. આ પહેલા રાહુલે કહ્યું હતું કે, ખેડૂતો ખેતીમાં જેટલા પૈસા મુકી રહ્યા છે તેટલા પૈસા તેમને મળી રહ્યા નથી. આજ કારણસર ખેડૂતોને મજદુરી અને પલાયન માટે ફરજ પડી રહી છે. રાહુલે મોદી ઉપર પ્રહાર કરતા કહ્યું હતું કે, સંસદમાં પણ તેઓએ પ્રશ્ન કર્યા હતા પરંતુ મોદી જવાબ આપી શક્યા ન હતા. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, જે ખેડૂત દાળ આપે છે તેને ૪૦ રૂપિયા મળે છે. બજારમાં ૨૦૦ રૂપિયામાં કેમ મળે છે. ખેડૂતોનું રક્ષણ કરવામાં આવે તે

● અનુસંધાન પાન-૭ પર

## નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈને ઘૂંટણની સર્જરી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના એક પગમાં ઘૂંટણની તકલીફ હોઈ નાની સર્જરી કરવામાં આવી હતી. હાલ તેમની તબીયત સારી છે.

પ્રાપ્ત વિગતો મુજબ રાજ્યના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને એક પગમાં ઘૂંટણની તકલીફ થઈ હતી. આજે અમદાવાદ સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે તેઓને દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેમના ઘૂંટણીની એક નાની સર્જરી કરવામાં આવી હતી. હાલ તેમની તબીયત સારી છે. જો કે તેમને ચાર-પાંચ દિવસ હજુ હોસ્પિટલમાં આરામ કરવા રાખવામાં આવશે.



ગણપતિબાપા મોરિયા - ઘરે-ઘરે ગણપતિના સ્થાપન થયા છે... સામાજિક પરંપરા મુજબ એક દિવસના ગણપતિના સંકલ્પધારકોએ નદીમાં ગણપતિની મૂર્તિ પધરાવી ગણપતિ વિસર્જન કર્યું હતું...

## પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરનું કોંગ્રેસ પક્ષમાંથી રાજીનામું

**૨૦૧૭ વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને ફટકો પડ્યો**

અમદાવાદ, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણી ૨૦૧૭માં યોજાનાર છે ત્યારે કોંગ્રેસના પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરે તમામ હોદ્દા પરથી રાજીનામુ આપી દેતા ખળભળાટ મચી ગયો છે. કયા કારણસર તેઓએ રાજીનામુ આપ્યું છે તે સંદર્ભમાં હજુ સુધી માહિતી મળી શકી નથી. જગદીશ ઠાકોરે ૧૯૯૮માં કપડવંજમાંથી ચૂંટણી લડી હતી. ૨૦૦૯માં પાટણ બેઠક પરથી તેઓ ચૂંટાઈ આવ્યા બાદ તેઓ સાંસદ બન્યા હતા.તેમની પાસે અન્ય ચાર આગેવાનોએ પણ રાજીનામુ આપ્યું હોવાનું જાણવા મળ્યું છે. ભરતસિંહ સાથે તેમના મતભેદો હોવાની વિગત પણ સપાટી ઉપર આવી છે. કોંગ્રેસના પૂર્વ સાંસદ જગદીશ ઠાકોરે પક્ષમાં તમામ હોદ્દાઓ પરથી રાજીનામું આપતા હલચલ મચી ગઈ છે. જો કે, તેમણે કયા કારણોસર રાજીનામું આપ્યું છે તે હજુ સ્પષ્ટ થયું નથી. આગામી વર્ષે ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ત્યારે, તે પહેલા જ જગદીશ ઠાકોરે તમામ ચાલતી ચર્ચા પ્રમાણે, કોંગ્રેસના આંતરિક વિખવાદના કારણે તેમણે આ નિર્ણય લીધો છે. મહત્વનું છે કે, પક્ષની આંતરિક સિસ્ટમથી નારાજ જગદીશ ઠાકોરે વર્ષ ૨૦૧૪માં પણ લોકસભાની ચૂંટણી લડવાની ના પાડી દીધી હતી.

## જ્યાં માનવી ત્યાં સુવિધાઓ રાજ્ય સરકારનો ધ્યેય મંત્ર

**સૌના સાથ સૌના વિકાસના મંત્ર સાથે આગળ વધીશું : અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ પટ્ટીના અગ્રણીઓ દ્વારા મુખ્યમંત્રી રૂપાણીનું અભિવાદન કરાયું**

અમદાવાદ, તા.૬

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વંચિતો શોષિત પિડીત છેવાડાના માનવીઓના સર્વગ્રાહી વિકાસ માટે તેમની સરકારની પ્રતિબધ્ધતા દોહરાવતા જણાવ્યું છે કે જ્યાં માનવી ત્યાં સુવિધા એવો આ સરકારનો ધ્યેય મંત્ર રહેવાનો છે. મુખ્યમંત્રીનું આજે ગાંધીનગરમાં ગુજરાતભરના આદિજાતિ વનબંધુ સમાજ અગ્રણીઓએ અદકેરૂ અભિવાદન કર્યું તેનો તેઓ પ્રત્યુત્તર આપી રહ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, અદના વર્ગ સમાજો દ્વારા જે સન્માન શુભેચ્છાઓ મળે છે તે જનહિત કાર્યો માટે અમારી નવી શક્તિના ઉદ્દીપક બનતા હોય છે. તેમણે દરેક સમાજ વર્ગોને સાથે રાખી વાદ વિવાદ નહીં, સંવાદના સેતુથી સૌના સાથ સૌના વિકાસની ભાવના સાકાર કરવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.

વન આદિજાતિ મંત્રી ગણપતભાઈ વસાવા અને રાજયમંત્રી શબ્દશરણભાઈ તડવીના નેતૃત્વમાં અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર વનસાવી પટ્ટાના સમાજ અગ્રણીઓ મુખ્યમંત્રીને સુશાસનની શુભેચ્છાઓ પુષ્પગુચ્છ સન્માનથી આપી હતી.











